# એડી. ચીફ જયુ. મેજી. સાહેબની કોર્ટમાં, મુ. માંગરોળ.

**ફોજદારી કેસ નં. ૩૪૨૯/૨૦૨૫.**

**ફરીયાદી - સરકારશ્રી**

**વિરૂદ્ધ**

**આરોપી – કાનાભાઈ રણછોડભાઈ ભરવાડ.**

-- ચુકાદો --

**૧.** આ કામના આરોપી/ઓ સામે **બી. એન. એસ. કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ- ૧૭૭, ૧૮૪** મુજબનો ગુનો નોંધાયેલ. તપાસના અંતે આરોપી સામે હાલનો ચાર્જશીટ રજુ થતાં ઉપરોક્ત ગુના સબબ આરોપીને સમન્સ ઈશ્યુ કરતા, સમન્સની બજવણી થતાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૨૩૦ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ છે અને તેઓને મજકુર ગુના અંગે પુછી પ્લી રેકર્ડ કરતાં, તેઓને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકાર તરફથી વકીલ મળી શકે તેમ છે અને તેઓ પોતાનો બચાવ કરી શકે તેમ છે. ત્યારબાદ પણ આરોપી પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ અને તે અંગે પોતાની સહીથી કબુલાત પુરસીશ પણ આપેલ છે.

**૨.** આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, તેમનાથી અજાણતા ગુનો થઈ ગયેલ છે, અને ગુનો કર્યાનો પસ્તાવો છે. હવે પછી ક્યારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહી તેવી ખાત્રી અને ભરોસો આપી, દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

**3.** આરોપીને તેમની કબુલાત તેમની વિરુદ્ધ પુરાવો ગણાશે તેમજ સદર ગુના સબબ આરોપીને મહત્તમ કેટલી સજા થઈ શકે છે તેની પણ સ્પષ્ટ સમજ આપવા છતાં પણ આરોપી ગુનો કબુલ કરવા માંગતા હોઈ આરોપી તરફે રજુ થયેલ ઉપરોક્ત ગુન્હા કબુલાત પુરશીસ સ્વૈચ્છીક જણાય છે. આ તબક્કે નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરિચન્દ્ર ઠાકોરના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. હાલના કામે આરોપીએ સ્વેચ્છીક કબુલાત આપેલ છે અને તેઓને ગુના સબબ પસ્તાવો વ્યક્ત કરેલ છે અને ભવિષ્યમાં કોઈ ગુનો નહી કરે તેવી મૌખિક ખાત્રી આપેલ છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ ઓછી સજા અને દંડ કરી તેને સુધરવાની તક આપવા ન્યાયોચિત માની કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

**૧.** આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ - ૨૭૫ અન્વયે, **બી. એન. એસ. કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ- ૧૭૭, ૧૮૪** મુજબના ગુના સબબ તકસીર ઠરાવી, આરોપીને મજકુર ગુના સબબ કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂ. ૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરવામાં આવે તો આરોપીએ દિન – ૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** કિંમતી મુદ્દામાલ પરત આપવા સારૂ વચગાળાનો કોઈ હુકમ કરેલ હોય તો, આથી તે હુકમ બિન શરતી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. જો વચગાળાનો કોઈ હુકમ કરેલ ન હોય તો, અપીલ સમય વિત્યા બાદ કિંમતી મુદ્દામાલની માલિકીની ખરાઈ કરી, કિંમતી મુદ્દામાલ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. સદર કામનું કિંમતી મુદ્દામાલ જો કોઈએ કલેઈમ કરેલ ન હોય તો તે નિયમાનુસાર સરકાર ખાતે ખાલસા કરવાનો તેમજ અન્ય મુદ્દામાલનો નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતામાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**માંગરોળ.**
**તા. ૧૪/૦૩/૨૦૨૬**

(જે.એસ. પરમાર)
**એડીશનલ ચીફ જયુડીશીયલ મેજી.,**
**માંગરોળ, જી.સુરત.**
**(Judge Code: GJ01155)**